# જાદુ એક જવાબનો !

– ઈશ્વર પરમાર

એક નાનુ સરખુ ગામ. નામ નાગલપર. એમા રહે એક મોટા શેઠ. નામ સવજી શેઠ. સવજીશેઠને એક જ વાતનો શોખ અને તે સઘરો કરવાનો શોખ !

એમને જે ચીજ ગમી જાય તે તેઓ તે ગમે તે રીતે મેળવીને જ જપે. પોતાને ગમી ગયેલ ચીજ મેળવવા એમને વિનતી કરતા આવડે; પટાવતા આવડે; કાચા–પોચાને ડરાવતા ય આવડે; ખાનગીમા માગતા ય એમને શરમ ન આવે ! અને શેઠનુ તો સૌને કામ પડે એટલે એમને ના પણ કોણ પાડે ?

એક વખતની વાત છે. સાજનો સમય હતો. સવજીશેઠને પાસેના ખભરા ગામે પોતાના સગાને મળવા જવુ હત. પોતાની ઘોડાગાડીમા બેસીને એ તો ઊપડયા.

રસ્તામા એક ખેડૂત પોતાને ખેતરેથી પાછો વળીને પોતાને ગામ ચાલતો જતો હતો. ઘોડાગાડી નજીક આવી એટલે એણે શેઠને રામરામ કર્યા. થોડીવાર સુધી ઉતાવળ પગલે એ જોડે જોડે ચાલ્યો પણ ખરો.

શેઠજીનુ ધ્યાન ખેચાયુ પેલા પાછળ ચાલતા આવતા ખેડૂતની લાકડીમા ! કાળી ભમ્મર લાકડી ને તે પર ઝીણી કોતરણી. પાછી મજબૂત પણ તેવી જ. એમને એ લાકડી હાથ કરવાનો લોભ લાગ્યો પણ પેલા ખેડૂત સાથે કોઈ ઓળખાણ કે સબધ નહીં, એટલે એકાએક એની માગણી પણ કેમ કરાય ?

તેથી શેઠજીએ વિવેક કર્યો, ‘ભાઈ શુ નામ તમારુ ?’

‘મારુ નામ લખમણ.’

‘કયે ગામ રહેવુ ?’

‘તમે જાવ છો તે ગામ – ખભરે.’

‘સારુ, સારુ, તો તો આવી જાવ ગાડીમા.’

શેઠજીએ ગાડી ઊભી રખાવી અને ખેડૂત તો હા – ના કરતો એમની પડખે બેસી ગયો. શેઠજીએ થોડીવાર પછી ફરી વાતની શરૂઆત કરી – ‘લખમણભાઈ, આ લાકડી ક્યાથી લીધી ?’

'મે આ લાકડી મેળામાથી લીધી, શેઠજી.'

'લાકડી બહુ સરસ ને મજબૂત છે, હો !'

'એટલે જ તો મે આ ખરીદી છે, શેઠ.'

ગામ આવી ગયુ. ખેડૂત રામ–રામ કરીને ચાલતો થયો. શેઠજી એમના સગાને ત્યા રાત રોકાયા. રાતે સપનામા પણ શેઠજીને પેલી લાકડી જ દેખાયા કરી !

સવારે ઊઠતાવેત શેઠજીએ પેલી લાકડી માગીભીખીને પણ પડાવી લેવાનુ વિચારી લીધુ. પોતાની ઘોડા–ગાડી ચલાવતા નોકરને એકાતમા કહ્યુ. 'તુ પેલા લાકડીવાળા લખમણભાઈને ગામમાથી શોધી લાવીને અબઘડી હાજર કર.'



થોડીવાર ખેડૂત હાજર થયો. શેઠજીએ વળી વિવેક કર્યો. 'આવો લખમણભાઈ, અમે, પાછા અમારે ગામ જઈએ છીએ. મનમા થયુ કે રસ્તા વચ્ચે જ તમારુ ખેતર આવે છે, તો તમને સાથ જ લઈ જઈએ. તમે જલદી ખેતરે પહોચશો અને મને તમારો સારો સગાથ મળશે. આવો છો ને ?'

શેઠજીના સગાને પણ નવાઈ લાગી કે આ ખેડૂતને આટલુ બધુ માન કેમ મળે છે ? પણ પેલો ખેડૂત મનમા સમજી ગયોલો કે શેઠજીને મારી લાકડી પસદ પડી ગઈ છે. એણે એ એમને ન જ આપવાનો નિર્ણય લીધો. પણ શેઠજીનુ અપમાન કેમ કરાય ? એમની તો ગમે ત્યારે ગરજ પડે. એ તો ભગવાનનુ નામ લઈને લાકડીને ટેકે ઘોડાગાડીમા શેઠની પડખે બેઠો.

રસ્તામા શેઠજી કહે : 'તમારી લાકડી બહુ સરસ છે, હો !'

'મને ય બહુ ગમે છે, શેઠજી.'

'અરે લખમણભાઈ, એક વાત પૂછુ ?'

'એકની બે વાત પૂછોને, શેઠ.'

'તમે, જો કોઈ માગે તો, આ લાકડી આપો કે નહીં ?'

ખેડૂત આ પ્રશ્નનો જે જાદુઈ જવાબ આપ્યો અને જે ચમત્કાર થયો તે સમજવા જેવુ છે. એણે કહ્યુ, 'શેઠજી, મારી ગરીબ માણસની લાકડી, કોઈ સારુ માણસ તો માગે જ નહીં, અને લોભી–ધૂતારાને તો કેમેય મારી લાકડી ના આપુ, હો !'

વાત આગળ ચલાવવા શેઠજી હવે શુ બોલે ? ત્યા તો ખેડૂત બોલ્યો–'લ્યો શેઠજી. રામ–રામ ! આ મારુ ખેતર આવી ગયુ. કોઈ કામ–કાજ હોય તો કહેજો અને તસ્દી કરજો માફ !'

શેઠજી તો લાકડી ઘૂમાવતા જતા એ ખેડૂતને જોતા જ રહી ગયા !

■